| તાઃ 20 – 10 – 2021 | **સાંદિપની વાલ્મિકી શાળા વિકાસ સંકુલ** | સમયઃ 2 કલાક |
|---|---|---|
| | **પ્રથમ વાર્ષિક પરીક્ષા 2021** | કુલ ગુણ : 50 |
| | **ધોરણ 11** | |
| | **વિષયઃ નામાના મૂળતત્વો** | |

## વિભાગ : $A$

❖ **નીચેના પ્રશ્નોના સાચો વિકલ્પ શોધી લખો.(દરેકનો 1 ગુણ)** [06]

(1) રૂ. 15,000 નો પગાર ચૂકવ્યો છે, આ ક્યા પ્રકારનો વ્યવહાર છે?

($A$) દેવાદારનો રોકડ વ્યવહાર ($B$) સેવાનો રોકડ વ્યવહાર ($C$) સેવાનો બિનરોકડ વ્યવહાર ($D$) મિલકતનો રોકડ વ્યવહાર

(2) (2) નીચેનામાંથી રાજ્ય સરકારનો કયો પક્ષ કઇ સપવક પહેલા હતો?

($A$) સેવા વેરો ($B$) આબકારી જકાત ($C$) કસ્ટમ્સ ડ્યુટી ($D$) મૂલ્યવૃદ્ધિ વેરો

(3) આવક વેરા રિફંડની રકમ ક્યા ખાતે જમા થશે?

($A$) ઉપાડ ખાતે ($B$) આવકવેરા ખાતે ($C$) બેન્ક ખાતે ($D$) મૂડી ખાતે

(4) ઉધાર વેચેલ માલ પરત આવે ત્યારે માલની સાથે ગ્રાહક શું મોકલાવે છે?

($A$) ઉધારચિઠ્ઠી ($B$) લેણીહૂંડી ($C$) દેવીહૂંડી ($D$) જમાચિઠ્ઠી

(5) બેન્ક આપણા ખાતે વ્યાજ જમા કરે ત્યારે ............... .

($A$) બેન્કસિલક ઘટે ($B$) બેન્કસિલક વધે ($C$) રોકડસિલક ઘટે ($D$) રોકડસિલક વધે

(6) કોને ચોપડાઓનો રાજા ગણવામાં આવે છે?

($A$) ખાતવહીના ચોપડાને ($B$) આમનોંધના ચોપડાને ($C$) વ્યવહારોની નોંધના ચોપડાને ($D$) ખાસ આમનોંધના ચોપડોને

## વિભાગ : $B$

❖ **નીચેના પ્રશ્નોના એક વાકયમાં જવાબ આપો.(દરેકનો 1 ગુણ)** [06]

(7) દ્વિનોંધી નામા (હિસાબી) પદ્ધતિ એટલે શું?

(8) ભૂતકાળમાં નાદાર જાહેર થયેલ દેવાદારોની ઘાલખાધની પરત કમ કોના ખાતે જમા થાય છે?

(9) પેટાનોંધ એટલે શું?

(10) NEFT અને RTGS પૂરું નામ જણાવો.

(11) ખાસ આમનોંધ એટલે શું?

(12) ખાતાવહીના ક્યાં સ્વરૂપો પ્રચલિત છે

## વિભાગ : $C$

❖ **નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો. (દરેકના 3 ગુણ)** [12]

(13) નીચેના પારિભાષિક શબ્દોની સમજૂતી આપો.

(1) મૂડી (2) મિલકત (3) રોકડ વટાવ

(14) નીચેનાં ખાતાઓનું વર્ગીકરણ કરો.

(1) ડેમરેજ ખાતું (2) ડેડસ્ટોકનું ખાતું (3) ઉપાડ પર વ્યાજનું ખાતું

(4) બીજલનું ખાતું (5) આખરમાલ સ્ટોક (6) આવકવેરા ખાતું

(15) નીચેના વ્યવહારોની આમનોંધ લખીને તે વ્યવહારોની હિસાબી સમીકરણ આધારિત હિસાબી અસરો સમજાવો.

(1) રૂ. ૫૦,૦૦૦ રોકડા લાવી ધંધો શરૂ કર્યો.

(2) રૂ. ૧૨,૦૦૦ નો માલ રોકડેથી ખરીદો.

(3) રૂ. ૬,૦૦૦ મજૂરીના. ચૂકવ્યા.

(16) નીચેના વ્યવહારોની પ્રાંશવના ચોપડામાં ખાસ આમનોંધ લખો.

(1) રૂ. ૮,૦૦૦ નો માલ ધંધામાંથી અંગત વપરાશ માટે લઇ ગયા.

(2) યંત્ર પર રૂ. ૮૦૦ ઘસારાપ માંડી વાળો.

(3) પ્રિયાએ આપણને ચૂકવવાના રૂ. ૮,૦૦૦ ના બદલામાં હૂંડી સ્વીકારી પરત કરી.

અથવા

નીચેના વ્યવહારોની ઉર્વી દેસાઇના ચોપડામાં ખાસ આમનોંધ લખો.

(1) રેણુકા પાસેથી મળેલ રૂ. ૫૦૦ની નોંધ રજંન ખાતે કરેલ છે.

(2) દુર્ગાશંકરના અહાઉ પાંડી વાળેલ ઘાલખાધના રૂ. ૨,૫૦૦ પરત મળેલ છે, જે દુર્ગાશંકર ખાતે જમા કરેલ છે.

(3) રૂ. ૬,૦૦૦ નો માલ દુકાનમાંથી ચોરાઇ ગયો જેની સામે વીમા કંપનીએ 75% રકમનો દાવો મંજૂર કર્યો.

Master Guru Chirag Prajapati

## વિભાગ : $D$

❖ નીચેના વ્યવહારોના માગ્યા મુજબ જવાબ લખો (દરેકના 4 ગુણ) [08]

(17) અમદાવાદના ભાવેશ સ્ટોર્સ કે જે મોબાઇલ ફોન, કોર્ડલેસ ફોન અને સાદો ફોન એમ ત્રણ પ્રકારના ફોનનું વેચાણ કરે છે તેમની ખાનાંવાળી વેચાણનોંધ તૈયાર કરો.

2021

સપ્ટેમ્બર - 1. મનીષાને 5 મોબાઇલ રૂ. 7,000 નંગદીઠ 5 કોર્ડલેસ ફોન 4,000 નંગદીઠ અને 10 સાદા ફોન રૂ. 2,000 નંગદીઠના ભાવે વેચ્યા. ભરતિયા નંબર 101 અને શાખાનો અમય 2 માસ.

7 મોબાઇલ ફોન નંગ 3, રૂ. 8,000 નંગદીઠ અને સાદા ફોન નંગ 2, રૂ. 1,800 નંગદીઠનું વેચાણ કર્યું.

15 પ્રક્ષાને 4 મોબાઇલ ફોન રૂ. 7,500 નંગદીઠ અને 10 સાદા ફોન રૂ. 1,700 નંગ દીઠના ભાવે 10% વેપારી વટાવે વેચ્યા. શાખાનો સમય 3 માસ. ભરતિયા નંબઇ 105.

20 મયુરને એક યંત્ર રૂ. 12,000 માં વેચ્યું અને ચૂકવણી માટે 1 માસનો સમય આપ્યો.

23 અરવિંદને 8 મોબાઇલ ફોન રૂ. 9,000 નંગદીઠ અને 10 કોર્ડલેસ ફોન રૂ. 1,900 નંગદીઠના બાવે વેચ્યા. વેપારીવટાવ 10% અરવિંદે 50% રકમ તરત જ ચૂકવી આપી. ભરતિયા નંબઇ 115.

26 રમેશને 5 મોબાઇલ રૂ. 8,500 ના બાવે અને 10 સાદા ફોન નંગદીઠ રૂ. 2,100 ના ભાવે મોકલી આપવા ઓર્ડર આપ્યો.

28 રમેશને આરમેશને ઓર્ડર પ્રમાણે માલ મોકલી આપ્યો. ભરતિયા નંબર 120.

(18) નીચેના વ્યવહારો પરથી શ્રી ધવલનો અનામત પદ્ધતિ અનુસાર પેટા રોકડમેળ તૈયાર કરો.

2021

મે- 1. મુખ્ય કેશિયર પાસેથી રોકશા મળ્યા રૂ. 2,500

2. બિલબુક છપામણીના રૂ. 250 અને સ્ટેશનરી ખર્ચના રૂ. 175 ચૂકવ્યા.

5. તાર-ટપાલ ખર્ચ રૂ. 100 નો થયો.

7. લારીભાડું રૂ. 25 અને મજૂરીના રૂ. 25 ચૂકવ્યા.

10. બ્રિજને પગાર પેટે રૂ. 50 ચૂકવ્યાં.

12. સંદીપને પરચૂરણ ખચ, દૂકવવા રૂ. 100 આપ્યા.

20. પરચૂરણ ખચરૂ. 50 ચૂકવ્યા.

## વિભાગ : $E$

❖ નીચેના પ્રશ્નક્રમાંક 19 થી 21માગ્યા મુજબ જવાબ લખો.(દરેકના 6 ગુણ) [18]

(19) નીચેના વ્યવહારો પરથી રીકીતાના ચોપડામાં આમનોંધ લખો.

2021

સપ્ટેમ્બર -1. રૂ. 1,00,000 રોકડા, રૂ. 15,000 નાં લેણાં, રૂ. 8,000 ના દેવાં અને રૂ. 16,000 નો માલ ધંધમાં લાવી વેપાર શરૂ કર્યો.

3. માનસી પાસેથી રૂ. 25,000 માં લેપટોપ રોકડેથી ખરીદ્યું તથા અન્ય ખર્ચનાં રૂ. 800 ચૂકવ્યા.

4. દેના બેન્કમાં રૂ. 10,000 ભરી ખાતું ખોલાવ્યું.

5. મહેશભાઇ પાસેથી રૂ. 28,000 નો માલ 10% વેપારી વટાવે વેચ્યો.

8. જયને રૂ. 10,000 નો માલ 5% રોકડ વટાવે વેચ્યો.

10. વીજળી બીલ રૂ. 2,000 ચેકથી ચૂકવ્યું.

(20) નીચેના વ્યવહારો પરથી સેટેલાઇટ સ્ટોર્સના ચોપડે ખરીદનોંધ અને ખરીદપરત નોંધ તૈયાર કરો.

2021

જુલાઇ - 1. રૂ. 50,000 નો માલ રાજકોટ સ્ટોસ,માંથી 5% વેપારી વટાવ ખરીદ્યો.

4. જામનગર સ્ટોર્સ પાસેથી રૂ. 30,000 નો માલ ખરીદ્યો. શાખનો સમય 1 માસ.

9. રૂ. 25,000 નો માલ મહેસાણા સ્ટોર્સ પાસેથી શાખ પર ખરીધો અને 60% ભાગનાં નાના. તરત જ ચૂકવી આપ્યા. બિલ નં 410.

15. જામનગર સ્ટોર્સ પાસેથી ખરીદેલ માલમાંથી 1/3 ભાગનો માલ પરત કરી દીધો. માલની સાથે યોગ્ય રકમની ઉધારચિઠ્ઠી નં 40 મોકલી.

20. વડોદરા સ્ટોર્સ પાસેથી રૂ. 20,000 નો માલ 10% વેપારી વટાવે ખરીદ્યો. વડોદરા સ્ટોર્સે 5% વસેક અને મજૂરીના રૂ. 200 ચઢાવીને બિલ નં 510 મોકલી આપ્યું.

23. સુરત સ્ટોર્સમાંથી રૂ. 25,000 નો માલ શાખ પર ખરીદ્યો. શાખની મુદત 1 માસ. વેપારી વટાવ 10%. બિલ નં 610.

27. સુરત સ્ટોર્સ પાસેથી ખરીદેલ માલમાંથી 30% માલ પરત કરી દીધો અને માલની સાથે ઉધારચિઠ્ઠી નંબર 41 મોકલી આપી.

29. અમદાવાદ સ્ટોર્સમાંથી રૂ. 40,000 નો માલ 10% વેપારી વટાવ ખરીદ્યો. બિલ નં 170.

31. પાલનપુર સ્ટોર્સ પાસેથી રૂ. 20,000 નું ફર્નિચઇ ખરીદ્યું બિલ નં 810.

Master Guru Chirag Prajapati

(21) **નીચેના વ્યવહારો પરથી શ્રી સીમરનો ત્રણ ખાનાવાળો રોકડમેળ તૈયાર કરો.**

2021

**જૂન -** 1. **રોકડસિલક રૂ.** 10,000, **બેન્ક ઓવરડ્રાફ્ટ રૂ.** 5,000.

2. **રીમા પાસેથી રૂ.** 5,000 **નો માલ** 10% **વેપારી વતાવ અને** 2% **રોકડ વટાવે રોકડેથી ખરીદ્યો.**

6. **આરવ પાસેથી રૂ.** 10,000 **ના લેનાં પેટે ચૂકતે હિસાબના રૂ.** 8,000 NEFT **દ્વારા અને રૂ.** 1,900 **રોકડા મળ્યા.**

10. **વિવાનને પગારના રૂ.** 500 NEFT **દ્વારા તથા રૂ.** 100 **ભાડાનાં રોકડા ચૂકવ્યા અને બેન્કે રૂ.** 3 **ચાર્જના વસૂલ લીધા.**

15. **રૂ.** 3,000 **નો માલ ગીતાંજલીદેવીને રોકડેથી વેચ્યો.**

20. **રૂ.** 500 **ઓફિસ ખર્ચ માટે અને રૂ.** 350 **ઘરખર્ચ માટે બેંકમાંથી ઉપાડયા.**

25. **રૂ.** 3,000 **નું યંત્ર ખરીદ્યું અને યંત્રને બેસાડવાની મજૂરીના રૂ.**250 **ચૂકવ્યા.**

Master Guru Chirag Prajapati